# નગર રચના અધિકારીશ્રીની કચેરી,
## એસ.એમ.સી.એકમ-૧.
કાંસકીવાડ, મ્યુનિસિપલ વોર્ડ ઓફિસ, ત્રીજો માળ, સુરત-૩. ફોન: ૨૪૫૦૮૨૩.

નં.ન.ર.યો./સુરતનં.૨૫(સીંગણપોર-ડુંકી)/પ્રારંભિક યોજના/ ૫૦૨ તા:૧૧/૫/૨૦૦૬

પ્રતિ,
ખાસ ફરજ પરના અધિકારીશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય,
ગાંધીનગર.

મધ્યસ્થ કચેરી
11 MAY 2006
ક્રમ નંબર ...21371

વિષય: નગર રચના યોજના સુરત નં.૨૫(સીંગણપોર-ડુંકી) પ્રારંભિક યોજના સરકારશ્રી માં મંજુરી અર્થે સાદર કરવા બાબત...

મહાશય,

જયભારત સહ ઉપરોકત વિષયના સંદર્ભે સવિનય જણાવવાનું કે ગુજરાત નગર યોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૧ ની જોગવાઈ અનુસાર નગર રચના યોજના સુરત નં.૨૫(સીંગણપોર-ડુંકી) ને પ્રારંભિક યોજના અને આખરી યોજનામાં વિભાજિત કરી, ઉકત કાયદાની પેટા કલમ(૧) અનુસાર લેવા પડતા નિર્ણયો લઈ ને તા:૩૧/૩/ ૨૦૦૬ ના રોજ નિર્ણયો જાહેર કર્યા છે. અને કાયદાની કલમ-૬૪ ની, જોગવાઈ હેઠળ, સરકારશ્રીની મંજુરી અર્થે પ્રારંભિક યોજના આ સાથે સાદર કરું છું

મુસદદારૂપ નગર રચના યોજના સુરત નં.૨૫(સીંગણપોર-ડુંકી) ને સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા:૨૫/૬/૧૯૯૬ ના જાહેરનામાં ક્રમાંક:જીએચ/ વી/૧૯૯૬ નો ૧૦૪/ટીપીએસ/૧૪૯૫/૧૮૪૯/લ, થી મંજુર કરવામાં આવેલ છે. અને સરકારશ્રીના એજ વિભાગના તા:૧૫/૧૦/૧૯૯૬ ની અધિસુચના ક્રમાંક: જીએચવી/૧૯૯૬ નો ૨૬૪/ટીપીવી/૧૦૯૬/૧૨૦૪/વ થી નગર રચના અધિકારી તરીકે નગર રચના અધિકારી, નગર રચના યોજના, સુરતની નિમણૂંક થયેલ છે. જે અંગે ની પ્રસિધ્ધિ સરકારશ્રીના તા:૩૦/૧૧/ ૧૯૯૬ ના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટના Part-IV-B, પાના નં.૧૫ પર થયેલ છે. નગર રચના અધિકારીએ તા:૩/૪/૧૯૯૭ ના રોજ યોજનાની કામગીરી માટે વિધિવત પોતાની ફરજો સંભાળેલ.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા:૫/૧/૧૯૯૮ ની અધિસુચના ક્રમાંક:જીએચવી/૧૯૯૮ નો ૩/ટીપીવી/૧૦૯૭/૨૭૧૯/વ થી નગર રચના અધિકારી તરીકે નગર રચના અધિકારી, નગર રચના યોજના, એસ.એમ.સી.એકમ-૧, સુરતની નિમણૂંક થયેલ છે.

ઈનવર્ડ નં....૪૯૨૩
ટી.પી.ફિ.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા:[illegible]/૧૯૯૯ ની અધિ-સુચના ક્રમાંક: જીએચવી/૧૯૯૯ નો ૮૮/ટીપીવી/૧૦૯૯/૯૦૪/વ થી નગર રચના અધિકારી તરીકે નગર રચના અધિકારી, નગર રચના યોજના, ફુલપાડા-કપાદ્રા યુનીટ, સુરતની નિમણૂંક થયેલ છે.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા:૧૩/૭/૨૦૦૦ ની અધિસુચના ક્રમાંક: જીએચવી/૨૦૦૦ નો ૧૬૩/ટીપીવી/૧૦૯૯/૨૩૧૬/વ થી નગર રચના અધિકારી તરીકે નગર રચના અધિકારી, નગર રચના યોજના, એસ.એમ.સી.એકમ-૧,સુરતની નિમણૂંક થયેલ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની તા:૨૯/૧/૨૦૦૫ ની અધિસુચના ક્રમાંક:ભરત-૧૦૨૦૦૦-૩૦૧૮-વ થી નગર રચના અધિકારી, નગર રચના યોજના, એસ.એમ. સી.એકમ-૧, સુરત તરીકે મારી નિમણૂંક થયેલ. હું શ્રી પી.વી.પી.સી.પ્રસાદ નગર રચના અધિકારી, નગર રચના યોજના, એસ.એમ.સી.એકમ-૧, સુરત તરીકે ફરજો સંભાળેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ માં જણાવ્યા મુજબ સરકારશ્રી ધ્વારા મંજુર કરવામાં આવેલ મુસદદારૂપ નગર રચના યોજના સુરત નં.૨૫ (સીંગણપોર-ટુંકી) માં સુચવેલ દરખાસ્તો ઉપર જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી વ્યકિતઓ તથા અસર કરતા ઈસમો/વ્યકિતઓને નિયત નોટીસો બજાવી, તેઓ તરફથી વાંધા-સુચનો મંગાવ્યા બાદ તેમની રજુઆતો ધ્યાને રાખી, તેમજ યોજનામાં સુચવેલ દરખાસ્તો પરત્વે પ્રારંભિક યોજના જાહેર કરતા પહેલા એપ્રોપ્રીએટ ઓથોરીટી, સુરત મહાનગરપાલિકા સાથે પરામર્શ કરી, નગર રચના અધિકારી ધ્વારા ઉકત અધિનિયમ ની જોગવાઈ મુજબ પ્રારંભિક યોજનાને આખરી કરવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે.

ઉકત કાયદાની કલમ-૫૨(૧) હેઠળ લેવા પડતા તમામ નિર્ણયો લઈ નગર રચના અધિકારીશ્રી એ યોજનાનો એવોર્ડ તા:૩૧/૩/૨૦૦૬ ના રોજ જાહેર કરેલ છે. અને તે અંગેની પ્રસિધ્ધિ તા:૩/૪/૨૦૦૬ ના સ્થાનિક દૈનિક સમાચારપત્ર "ગુજરાત સમાચાર" માં પાના નંબર ૧૫ તથા "નવ નિર્માણ" માં પાના નંબર ૩ પર થયેલ છે. તેમજ તા:૨૦/૪/૨૦૦૬ ના સરકારશ્રીના રાજયપત્ર Part-II ના પાના નં.૨૮૩ પર થયેલ છે.

નગર રચના યોજના સુરત નં.૨૫(સીંગણપોર-ટુંકી) માં સમાવિષ્ટ મુળખંડ તથા અંતિમ-ખંડની દરખાસ્તો ઉપર નગર રચના અધિકારી ધ્વારા લેવામાં આવેલ નિર્ણયો અંગેની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના દર્શાવ્યા મુજબના ફોર્મ-જે મુજબ જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી વ્યકિતઓને જાણ કરવામાં આવી રહેલ છે. અને તે મુજબની નગર રચના યોજના સુરત નં.૨૫(સીંગણપોર-ટુંકી) ની પ્રારંભિક યોજનાને સરકારશ્રી ની મંજુરી અર્થે, આ સાથે સાદર કરેલ છે. અને તે અંગે આગળની ઘટિત કાર્યવાહી કરવા

વિનંતી છે. જેથી સદરહુ યોજનાની દરખાસ્તો બાબતે સમુચિત સત્તા મંડળો દ્વારા અમલી-કરણની કાર્યવાહી હાથ ધરી શકાય. જે વિદિત થવા વિનંતી છે.

બિડાણ; (૧) યોજનાના સાહિત્યની એક નકલ. (નકશાઓ સહ)
(૨) નગર રચના અધિકારીના નિર્ણયોની એક નકલ.
(૩) કપાતની ટકાવારીની સરખામણી દર્શાવતું પત્રક.

આપનો વિશ્વાસુ

(સહી)
નગર રચના અધિકારી
નગર રચના યોજના સુરત
નં.૨૫(સીંગણપોર-ડુંકી)
એસ.એમ.સી.એકમ-૧, સુરત.

<u>નકલ સવિનય રવાના:</u>

* મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફે જાણ સારૂં તથા જરૂરી કાર્યવાહી સારૂ. (યોજનાના સાહિત્યની ત્રણ તથા નિર્ણયોની એક નકલ સહ.)

* પ્રવર નગર નિયોજકશ્રી, દક્ષિણ ગુજરાત પ્રાદેશિક કચેરી, વડોદરા તરફે જાણ સારૂં. (યોજનાના સાહિત્યની એક નકલ સહ)

* કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત તરફે જાણ સારૂં.